બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮)

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, દસમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ મહારાજ - ખીમબાઈને (૩/૧૫)
➪ હમીર ખાચરની મરેલી ઘોડીને જીવતી કરી વ્યાપકાનંદ સ્વામી ઝીંઝાવદરમાં મહારાજ પાસે આવે છે ત્યારે

૨. ➪ મહારાજ - સચ્ચિદાનંદ સ્વામીને (૨૧/૫૯)
➪ મહારાજના અંતિમ સમયે સચ્ચિદાનંદ સ્વામી મહારાજની પહેલાં જ નાડી પ્રાણ છોડીને ધામમાં ગયા ત્યારે.

૩. ➪ મહારાજ - નાનીબાને (૧૨/૩૧)
➪ વરતાલ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે મહારાજ મૂર્તિઓ લેવા બોચાસણ પધારે છે ત્યારે નાનીબા તે મૂર્તિઓ બોચાસણમાં જ પધરાવવાની વિનંતી કરે છે ત્યારે

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. ઉદેપુરના રાણી ઝમકુબા ભગવાન ભજવા માટે ગઢપુર આવેલા. જીવુબા તેમને ઓળખતા ન હોવાથી તેમને છાણ-વાસીદાનું કામ કરાવતા હતા. તે મહારાજ જોઈ ગયા ત્યારે (૧૭/૫૨)

૨. ઘણા દિવસથી અન્ન ન મળવાથી ઉપસ્તિ ઋષિએ એક મહાવતના એંઠા અડદ થોડા જમ્યા. ત્યારબાદ મહાવતે એઠું પાણી આપ્યું તો ઉપસ્તિ ઋષિએ કહ્યું મારો દેહ અડદથી ટકી જશે. આમ. ઉપસ્તિ ઋષિએ એઠું પાણી પીવાની ના પાડી. (૧/૧૧)

**પ્ર.૩ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ સાત સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.(કુલ ગુણ : ૭)**

☞ **નોંધ :- જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય :- નેનપુરના દેવજી ભગત (૯/૨૨-૨૩)**

**ફક્ત નંબર :- ૧, ૩, ૪, ૭, ૮, ૧૦, ૧૨**

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કોઈનો અપરાધ મન-કર્મ-વચને કર્યો હોય તેની ક્ષમા માટે છઠ્ઠો દંડવત્ કરવાની આજ્ઞા કરી છે. (૧/૪)

૨. બોચાસણ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૯૬૩ વૈશાખ વદ ૧૦ થઈ. (૧૬/૪૯)

૩. પ્રબોધિની (કાર્તિક સુદ ૧૧) એકાદશી, શ્રીહરિ જયંતિ, દેવપોઢી (અષાઢ સુદ ૧૧) એકાદશી, જન્માષ્ટમી, જળઝીલણી (ભાદરવા સુદ ૧૧) એકાદશીએ શાસ્ત્રીજી મહારાજે નિર્જળ ઉપવાસ કરવાની આજ્ઞા કરી છે. (૧૬/૪૦)

૪. સગરામના મનમાં થતું કે મહારાજ મારા કૂબામાં પધારે તો કેવું સારું ! શ્રીજીમહારાજે આ સંકલ્પ પૂરો કર્યો. (૨/૧૩)

૫. સારંગપુરના મંદિરને અક્ષરધામની ઉપમા આપી છે. (૬/૧૯)

**પ્ર.૫ નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૬)**

☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૨ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**'કરોડ રૂપિયા ખર્ચે પણ આવા સાધુ મળે નહિ, ને કરોડ રૂપિયા દેતાં પણ આ વાતુ મળે નહિ. ને કરોડ રૂપિયા આપતા પણ મનુષ્ય દેહ મળે નહિ, ને આપણે પણ કરોડ જન્મ ધર્યા છે પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી. નીકર શું કરવા દેહ ધરવો પડે ?' (૨૪/૬૫)**

ધર્મ, જ્ઞાન વૈરાગ્ય ને માહાત્મ્ય સહિત ભક્તિવાળા સંત મળવા દુર્લભ - એમના મુખની વાતો - આપણું અજ્ઞાન -

મનુષ્યદેહ મળવો દુર્લભ - ચોરાશી લાખ યોની - એક આંધળો માણસ રાજાના કંઈક વાંકમાં - આંધળાને શી સજા - આ શહેરમાંથી બહાર નીકળવાની - તું કોટની દીવાલે - બારી આવે ત્યારે બહાર નીકળજે - આંધળો જ્યાં બારી આવી - ત્યાં માથે ખંજવાળ આવી - ચાલતો ચાલતો ખણવા લાગ્યો - ત્યાં બારી જતી રહી - ફરી દિવાલ - ફરી બાર ગાઉનો ચકરાવો રહ્યો.

આ મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે. તેમાં આવા સંત મળ્યા તે મોટી વાત છે તેમને ઓળખી લેવા. તેમની વાતો સાંભળવી અને અજ્ઞાન કાઢી નાંખવું. **(અથવા)**

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૬ (વિવેકી-અવિવેકીનું) (૧૯/૫૫)**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે આધ્યાત્મિક વિવેક સમજાવ્યો છે. પોતાનામાં ઘણા અવગુણો હોવા છતાં મનુષ્ય તેની

સામી દૃષ્ટિ કરતો નથી પરંતુ બીજાનો અલ્પ જેવો અવગુણ હોય તે પોતે મોટો કરી બતાવે છે. સૂરદાસે પણ કહ્યું છે, 'મો સમ કૌન કુટિલ ખલ કામી'. તેમને હંમેશા પોતાનો જ અવગુણ દેખાતો. આપણો અવિવેક કાઢવા ભગવાનના સાધુ આપણને વઢે કે ટોકે તો પણ તેનો આપણે અવગુણ ન લઈએ અને એમ સમજીએ કે તેઓ મારા સારા સારું જ કરે છે - એમ માનનો ત્યાગ કરી સંતના વચનમાં વિશ્વાસ રાખીએ તો અવિવેક ટળી જાય અને સત્સંગમાં વૃદ્ધિ પામીએ.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કિર્તન/અષ્ટક/શ્લોક અધુરો હોય તો અડધા ગુણ ન જ આપવા.**

૧. હિંસા ન કરની જન્તુ કી, પરત્રિયાસંગકો ત્યાગ,
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડભાગ્ય,
વિધવાકું સ્પર્શત્ નહીં, કરત ન આત્મઘાત,
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત. (૭/૨૦)

૨. પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।
સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥ (૨૨/૬૦)

૩. આપ પ્રભુ છો ધામના ધામી, બળવંતા બહુનામી હરિ, પ્રભુ
જીવ અનંતના મોક્ષને અર્થે, અનાદિ અક્ષર સાથ લઈ, પ્રભુ (૧૩/૩૨)

૪. પૃથ્વી ઉપર એકાંતિક ધર્મની સ્થાપના માટે અમૂલ્ય કથાવાર્તાનો ઉપદેશ કરનારા, વચનામૃતરૂપી અમૃતવૃષ્ટિ વરસાવતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું. (૬/૧૮)

**(વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ શાસ્ત્રીજી મહારાજ - ભગવાનદાસને (૪૮/૮૧)
➪ ભગવાનદાસને સભામાં શાસ્ત્રીજી મહારાજની જગ્યાએ શ્રીજીમહારાજના દર્શન થયાં. તેથી તેમણે ચાલુ સભામાં પોતાના સંકલ્પની વાત કરી ત્યારે

૨. ➪ સ્વામીશ્રી (શાસ્ત્રીજી મહારાજ) - ફોજદારને (૨૩/૪૧)
➪ વડોદરામાં દ્વેષી સાધુઓએ સ્વામીશ્રીનું કાસળ કાઢી નાખવાનો પ્રયત્ન કર્યો ત્યારે ફોજદારે કાગળિયા કરી આવું કામ કરનાર સાધુઓના નામ માગ્યા ત્યારે

૩. ➪ ગુણાતીતાનંદ સ્વામી - અરજણભાઈને (૩૩/૫૮-૫૯)
➪ સ્વામીશ્રીને મારવા માટે ત્રણ પાળાઓ સાધી ગામમાં આવવા નીકળ્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ અરજણભાઈને દર્શન દઈ કહ્યું.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. વરતાલમાં રહીને વઢવાણમાં શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી. તેથી ભવિષ્યમાં આખો સત્સંગ શાસ્ત્રીજી મહારાજ તરફ વળી જશે અને પોતાને કોઈ પૂછશે નહીં. તેથી સાધુવર્ગ સ્વામીશ્રીને દૂર કરવાની યોજના કરવા લાગ્યો. (૨૫/૪૫)

૨. ઠાકોર સાહેબે જૂના મંદિરના સંતોની ચઢવણીથી સ્વામીશ્રીને મધ્ય મંદિરમાં રાધાકૃષ્ણ પધરાવવાનો આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રીએ નિધડકપણે કહી દીધું આ માથું અક્ષરપુરુષોત્તમ માટે જ મૂંડાવ્યું છે. સ્વામીશ્રીની નીડર સત્તાવહી અને સ્પષ્ટ વાત સાંભળી ઠાકોરે કહ્યું : 'આપને યોગ્ય લાગે તેમ કરો.' (૩૯/૬૮)

**પ્ર.૯. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યોના સ્વરૂપમાં) લખો.**
**(વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. અજાતશત્રુ (૩૦/૫૨)**

૧. અક્ષર અને પુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન કરવાથી સ્વામીશ્રીને વરતાલ છોડવાના સંજોગો ઊભા થયા.

૨. હરિકૃષ્ણ મહારાજને સ્વામીશ્રીએ પ્રાર્થના કરી 'અખંડ અમારી સહાયમાં ભેગા રહેજો.'
૩. પોલીસ પટેલ કિશોરભાઈ સામેથી ફરિયાદ લખવા સ્વામીશ્રી પાસે આવ્યા.
૪. સ્વામીશ્રીનો જવાબ 'આપણે કોઈના સામે ફરિયાદ કરવી નથી.'
૫. સ્વામીશ્રીએ હરિભક્તોને કરેલી આજ્ઞા 'વરતાલમાં જે ધર્માદો, રસોઈ, પૂનમ બધુંય ચાલુ રાખજો.'

**૨. સમર્થ વક્તા (૧૯/૩૪)**

૧. જૂનાગઢમાં સત્સંગીજીવનની કથામાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસની કથામાં જ બોલાવવાનું હરિલાલ શેઠનું સૂચન.
૨. જેની કથાથી વધુ સમાસ થયો છે તેવા યજ્ઞપુરુષદાસનું પૂજન પહેલું કરવાનો શેઠનો સ્પષ્ટ અભિપ્રાય.
૩. દરજી અને મોચીને ગુરુ કરનારા સભામાં મોટા થઈને પૂજાય છે. - રઘુવીરચરણદાસ
૪. એકાંતિક સ્થિતિવાળા પ્રાગજી ભક્ત અને જાગા સ્વામીમાં જાતિભાવ જોશો તો મહારાજ નહિ સહન કરે - યજ્ઞપુરુષની સિંહ ગર્જના.
૫. પ્રથમ પૂજન વૃદ્ધ સાધુ હરિદાસનું કરાવી પોતાનું પૂજન છેલ્લે કરાવ્યું.

**૩. અક્ષરપુરુષોત્તમની ઝોળી (૪૫/૭૫)**

૧. તમારી સેવા તો અપાર છે પણ અનેક મુમુક્ષુઓને દર્શન થાય તે માટે મહારાજની જેમ અમારે પણ ઝોળી માંગવી છે.
૨. અમે બધા આપની સેવામાં છીએ, છતાં આપ કેમ ઝોળી માંગવા નીકળો છો ?
૩. મારી ઝોળીમાં જેનો જેનો કણ પણ આવશે તેને અક્ષરધામમાં લઈ જવા છે.
૪. વર્તમાનકાળે મહારાજ અને સ્વામીનો રાજીપો શેમાં છે?
૫. અક્ષર અને પુરુષોત્તમના સ્વરૂપો મધ્ય મંદિરમાં પધરાવી શુદ્ધ ઉપાસનાનાં મંદિરો કરવાં તેમાં મહારાજનો રાજીપો છે.

**પ્ર.૧૦ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શાસ્ત્રીજી મહારાજ સંવત્ ૨૦૦૭ વૈશાખ સુદ ૪ના દિવસે ધામમાં પધાર્યા. (૫૯/૯૪)
૨. શુદ્ધ ઉપાસના એટલે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવી. (૧/૧)
૩. મેં શાસ્ત્રમાંથી સાંભળ્યું છે કે એકાદશીને દિવસે અન્ન ખાવું તે માંસ ખાધા બરાબર છે. માટે હું નહીં જમું. (૩/૫)
૪. વરતાલની સભામાં અક્ષરપુરુષોત્તમની જય બોલાવવાની તમારામાં હિંમત છે ? (૨૬/૪૬)
૫. ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતનો ઉલ્લેખ કર્યો. (૧૪/૨૭)
૬. તમે મંદિર કરવા મને તેડવા આવ્યા છો ? ચાલો આવું **અથવા** મંદિર કરવા સારું તો મારો જન્મ છે. (૪૩/૭૩)

પ્ર.૧૧ **નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખેલ હોય તો જ ગુણ આપવો.**

૧. **ખોટું - ✘** (૨/૨) **જ.** શુક સ્વામીએ વર્તમાન ધરાવી કહ્યું, 'આ તો પૂર્વજન્મનો બહુ સંસ્કારી ભક્ત છે.'
૨. **ખોટું - ✘** (૯/૧૯) **જ.** આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે ડુંગર ભક્તને દીક્ષા આપી યજ્ઞપુરુષદાસ નામ પાડ્યું.
૩. **ખરું - ✔** (૨૨/૪૦)
૪. **ખોટું - ✘** (૩૧/૫૬) **જ.** માધવતીર્થ બોલ્યા ''આખા સંપ્રદાયમાં વિદ્વતા અને સાધુતા બન્નેમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસનો જોટો નથી.''
૫. **ખોટું - ✘** (૪૬/૭૬) **જ.** સારંગપુરના મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં આચાર્ય રાધારમણપ્રસાદને સમાધિ થઈ.
૬. **ખોટું - ✘** (૫૫/૮૯) **જ.** શાસ્ત્રીજી મહારાજે ૨૮ વર્ષના નારાયણસ્વરૂપદાસની પ્રમુખ તરીકે નિમણૂંક કરી.

**પ્ર.૧૨ નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૬)**

**૧.** અદાશ્રી (૨૯/૫૨) **૨.** ઢાઢર (૮/૧૮) **૩.** ભગત (૫/૧૧)
**૪.** કૃષ્ણકુમારસિંહજી (૫૪/૮૮) **૫.** હરિલીલામૃત (૪૦/૬૯) **૬.** કાશીદાસ (૩૪/૬૨)

❑ ❑ ❑